# આપણાં પૂર્વજોને ખુશી થાય,
# તેવું કરીએ



## દાજી

**પૂજ્ય શ્રી લાલાજી મહારાજની**

153મી જન્મ જયંતિ નિમિત્તે સંદેશ

તા. 22, 23 અને 24મી જાન્યુઆરી, 2026 કાન્હા શાંતિ વનમ



# આપણાં પૂર્વજોને ખુશી થાય, તેવું કરીએ

પ્રિયજનો,

દર વર્ષે જ્યારે ‘વસંત પંચમી’ આવે છે, ત્યારે મારા હૃદયમાં કંઈક એવું થાય છે, જેને હું સંપૂર્ણપણે સમજાવી શકતો નથી. પીળા ફૂલો, હવામાં પાછી ફરતી સૌમ્ય હૂંફ અને વસંતઋતુ - એ બધાને પ્રફુલ્લિત તો કરે જ છે, ‘પરંતુ’ આ માર્ગને અનુસરનારા આપણા સૌ માટે આ દિવસ એક એવી સુગંધ લઈને આવે છે, જે ઋતુના પ્રભાવ કરતાં વધારે છે,  કારણ કે ‘દિવ્ય પ્રકાશે’ પૃથ્વી પર અવતરણ કરવા માટે આ દિવસ પસંદ કર્યો હતો.

તા. 2જી ફેબ્રુઆરી, 1873ના રોજ, એક વિશેષ વિભૂતિનો જન્મ થયો હતો. આ વિભૂતિ લોકોની આધ્યાત્મિકતાનો અનુભવ કરવાની રીતને હંમેશ માટે બદલી નાખવાની હતી. તે સમયે, દુનિયાને આની જાણ નહોતી અને હોય પણ કેવી રીતે? મહાન આત્માઓ શાંતિથી, કોઈપણ ધામધૂમ વિના, એક સામાન્ય માનવ રૂપે જ આવતા હોય છે. જોકે ‘કુદરત’ તે જાણતી હતી અને તે દિવસે ‘કુદરતે’ એક મૂક વચન આપ્યું હતું.

તે બાળકની માતા એક સંત પ્રકૃતિનાં મહિલા હતાં કે જેમનું હૃદય ભક્તિથી છલકાયેલું હતું. એકવાર, એક અવધૂત ફકીર તેમના દરવાજે ભિક્ષા લેવા આવ્યા. તેમણે ભોજન માટે માછલી માંગી, પરંતુ તેમની પાસે માછલી નહોતી, કારણ કે તેઓ માંસ-માછલી નહોતાં ખાતાં. ઘરની નોકરાણી ચાલાક હતી, તે તેના પાડોશી પાસેથી બે માછલીઓ લઈ આવી. અવધૂત ફકીરે જમ્યા પછી જ્યારે તેમને પૂછ્યું, “તમને કોઈ તકલીફ છે?” ત્યારે તે માતા તો ચૂપ રહી, પણ તેની નોકરાણીએ જવાબ આપ્યો, “મારી ઉમદા માલિકણ પાસે બાળક સિવાય બધું જ છે.”

અવધૂત ફકીરે ગહન ભૂરા આકાશની પેલે પાર જોતાં ઉદ્ગાર કર્યો, “ઓહ!” પરંતુ થોડીવાર પછી, અચાનક ઉપર સ્વર્ગ તરફ તેમની આંગળીઓ ઊંચી કરીને કહ્યું, “એક... બે... એક... બે...” અને પછી ચાલ્યા ગયા અને ફરી ક્યારેય ન દેખાયા.

બીજા વર્ષે, સન 1873ની વસંત પંચમીના રોજ પ્રથમ પુત્રનો જન્મ થયો અને તે પુત્ર, ફતેહગઢના શ્રી રામચંદ્રજી હતા, જેમને લાલાજી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ ‘વિશેષ વિભૂતિ’ વિષે વધુ એવું તો હું શું કહું, જે પહેલાં કહેવાયું ન હોય? કવિઓએ જે કહેવાનો પ્રયાસ કર્યો છે, શાસ્ત્રો જે માણસો તરફ નિર્દેશ કરે છે તથા અંગ્રેજ કવિ ટેનીસને જે લખ્યું છે, તે ફક્ત તેમના માટે જ હોય, તેવું લાગે છે:

*તું માનવ પણ લાગે છે અને દિવ્ય પણ લાગે છે,*
*સર્વોચ્ચ, પવિત્રતમ, પૌરુષેય, એવો તું.*

ફક્ત સાત મહિનાની ટૂંકા સમયગાળાની સાધના દ્વારા યુવાનીમાં, જ તેમણે એ પ્રાપ્ત કરી લીધું કે જે ઘણા લોકો અસંખ્ય જીવનકાળમાં પણ પ્રાપ્ત કરી શકતાં નથી. તેમના માટે ‘દિવ્ય પ્રકાશ’, એ લક્ષ્યપ્રાપ્તિ માટેના કોઈ દૂરના લક્ષ્ય તરીકે પ્રગટ થયો

ન હતો, પરંતુ તે સ્વાભાવિક રીતે જ, તેમની અંદર જ હતો. તેમણે દિવ્ય પ્રકાશને શોધવાનો નહોતો, પરંતુ તેઓ પોતે જ તે ‘દિવ્ય પ્રકાશ’ હતા.

માનવ જાત માટે, ભૂલાઈ ચૂકેલો એક અમૂલ્ય વારસો, એટલે કે પ્રાણાહુતિનું પવિત્ર વિજ્ઞાન કે જેને પ્રાણસ્ય પ્રાણ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે લાલાજી મારફતે પુનર્જીવિત થયો હતો. આ ગહન જ્ઞાન સૌ પ્રથમ અયોધ્યાના ભગવાન રામચંદ્રજીની 73 પેઢીઓ પહેલાં થઈ ગયેલા પૂજ્ય શ્રી ઋષભ દેવજી મહારાજે રજૂ કર્યું હતું. તેમણે જીવનના પ્રાણતત્ત્વને ઉન્નત કરનારું આ સૂક્ષ્મ વિજ્ઞાન પ્રગટ કર્યું હતું.

આ દિવ્ય પ્રાણાહુતિ દ્વારા, ચેતનાના ઉચ્ચ ક્ષેત્રોના દરવાજા ખુલી જાય છે. તેના દ્વારા સાધકો સાંસારિક જીવનમાંથી નિવૃત્ત થઈ, સંન્યાસ લઈને નહીં, પરંતુ એક ગૃહસ્થ તરીકે, દુન્યવી જીવન જીવતા જીવતા જ ભૌતિક અને આધ્યાત્મિક, એમ બંને ફરજો નિભાવતા રહી, ‘પરમ’ સાથે આંતરિક રીતે જોડાયેલા રહી એક સુમેળભર્યા સમન્વય દ્વારા બ્રહ્મવિધા મેળવે છે. દિવ્ય પ્રાણાહુતિનો આ જીવંત પ્રવાહ સાધકને બહુ જ ઝડપથી સમાધિની અવસ્થામાં લઈ જાય છે તથા ઘણી વાર નિષ્ઠાપૂર્ણ દૈનિક અભ્યાસ દ્વારા ઘણાં ટૂંકા ગાળામાં જ આ અવસ્થા સુધી પહોંચી શકાય છે.

આમ છતાં, જેમ જેમ માનવ ઇતિહાસ પ્રગટતો ગયો, તેમ તેમ આ અમૂલ્ય વિજ્ઞાન ધીમે ધીમે માનવની જાણકારીમાથી ભૂંસાતું ગયું અને આખરે લુપ્ત થઈ ગયું. તે જ્ઞાન



આ દિવ્ય પ્રાણાહુતિ દ્વારા, ચેતનાના ઉચ્ચ ક્ષેત્રોના દરવાજા ખુલી જાય છે. તેના દ્વારા સાધકો સાંસારિક જીવનમાંથી નિવૃત્ત થઈ, સંન્યાસ લઈને નહીં, પરંતુ એક ગૃહસ્થ તરીકે, દુન્યવી જીવન જીવતા જીવતા જ ભૌતિક અને આધ્યાત્મિક, એમ બંને ફરજો નિભાવતા રહી, ‘પરમ’ સાથે આંતરિક રીતે જોડાયેલા રહી એક સુમેળભર્યા સમન્વય દ્વારા બ્રહ્મવિધા મેળવે છે.

લાંબા સમય સુધી સુષુપ્ત જ રહ્યું, જોકે પ્રારબ્ધે તેમાં હસ્તક્ષેપ કર્યો અને લાલાજી મહારાજે તે પવિત્ર પ્રવાહને ફરીથી શોધી કાઢ્યો અને પુનર્જીવિત કર્યો તથા માનવ-જાત માટે 'સર્વોચ્ચ-લક્ષ્ય' તરફનો એક સીધો, જીવંત માર્ગ પુનઃસ્થાપિત કર્યો. આ લાલાજીની ભેટ હતી – માત્ર ફિલસૂફી અને શિક્ષણ જ નહોતું, પરંતુ તે એક હૃદયથી બીજા હૃદય સુધીનું આધ્યાત્મિક સારનું એક વાસ્તવિક પ્રસારણ હતું.

આ પછી તેમના શિષ્યનું આગમન થયું.

શાહજહાંપુરમાં, રામચંદ્ર (બાબુજી) નામના એક યુવાને ફતેહગઢના આ સંત વિશે સાંભળ્યું. લાલાજીનું નામ સાંભળીને જ તેમની અંદર કંઇક વિશેષ અનુભૂતિ થઈ, તેથી તેઓ તેમને મળવા માટે ગયા. તા. 3જી જૂન, 1922ના રોજ થયેલી તેમની આ પહેલી મુલાકાતમાં જ તેમનું જીવન હંમેશ માટે બદલાઈ ગયું.

તેમણે પછીથી લખ્યું, 'જ્યારે હું પહેલી વખત ગુરુજી પાસે ગયો, ત્યારની મારી માનસિક અનુભૂતિ અદ્વિતીય હતી. મારા જીવનની તે ક્ષણે મેં જે ખાલીપો અનુભવ્યો, તે કંઈક એવું હતું, જે અવર્ણનીય હતું. તે દિવસથી મારું એક નવું જીવન શરૂ થયું હતું. બધું જ બદલાઈ ગયું હોય, એવું લાગતું હતું. આખી દુનિયા અલગ જ લાગતી હતી.'

અને આમ, એક એવી પ્રેમકથા શરૂ થઈ, જે આધ્યાત્મિક ઇતિહાસમાં અન્ય બધી પ્રેમકથાઓને વટાવી ગઈ. હું આ શબ્દોને હળવાશથી નથી કહી રહ્યો, કારણ કે લાલાજી અને તેમના શિષ્ય વચ્ચે જે કંઈ બન્યું, તે કોઈ સામાન્ય ભક્તિ નહોતી. કોઈ એક શિષ્ય પોતાના ગુરુ પ્રત્યે જે સન્માન ધરાવતો હોય, તેના કરતાં તે ઘણું વધારે હતું. તે કંઈક એવી બાબત હતી, જેના માટે શબ્દો નિષ્ફળ રહે છે, જેના કારણે દિવ્ય લોકની વિભૂતિઓ પણ વિસ્મયથી થોભી જાય છે.

**હું આ શબ્દોને હળવાશથી નથી કહી રહ્યો, કારણ કે લાલાજી અને તેમના શિષ્ય વચ્ચે જે કંઈ બન્યું, તે કોઈ સામાન્ય ભક્તિ નહોતી. કોઈ એક શિષ્ય પોતાના ગુરુ પ્રત્યે જે સન્માન ધરાવતો હોય, તેના કરતાં તે ઘણું વધારે હતું. તે કંઈક એવી બાબત હતી, જેના માટે શબ્દો નિષ્ફળ રહે છે, જેના કારણે દિવ્ય લોકની વિભૂતિઓ પણ વિસ્મયથી થોભી જાય છે.**

બાબુજીએ એક વાર તેમની વચ્ચેના પારસ્પરિક બંધન વિશે જણાવ્યું હતું – "અમે તાદાત્મ્યતામાં (osmosis - ઓસ્મોસીસમાં એટલે કે પરસ્પર એકબીજા સાથે એકરૂપ થતા રહેવાની અવસ્થામાં) હતાં, અમારાં હૃદય એકદમ એકરૂપ હોઈ, અમે સંપૂર્ણ આધ્યાત્મિક એકત્વમાં હતા. એક પ્રિયતમ માટે પોતાનાં પ્રિયજન સિવાય અન્ય કંઈ પણ અતિ સુંદર નથી હોતું, આવો પ્રેમ મનુષ્યને તેનાં પ્રયાસોની ચરમસીમા સુધી લઈ જાય છે અને આવો પ્રેમ પ્રિયજનને સંતોષ આપવા માટે તેનાથી શક્ય એટલું બધું કરવાનો પ્રયત્ન કરાવે છે.

અન્યત્ર, તેમણે એ પણ કબૂલાત કરી હતી કે તેઓ લાલાજી વગર એક ક્ષણ પણ રહી શકતા નહોતા. આ જણાવતી વખતે, તેઓ લાલાજીનાં એ ભૌતિક સ્વરૂપનો ઉલ્લેખ કરી રહ્યા ન હતા કે જે દાયકાઓ પહેલા વિદાય લઈ ચૂક્યું હતું, પરંતુ એ લાલાજીનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેઓ તેમના શ્વાસનો શ્વાસ, પ્રાણનો પ્રાણ તથા તેમના જીવનનું જીવન બની ગયા હતા.

હું તમને સૌને એક એવી વાત જણાવવા માંગુ છું કે હું જ્યારે પણ પૂજ્ય લાલાજીના શ્રુતલેખનોમાં બાબુજી વિશે લખેલું, આપણને વિસ્મયથી મૂક કરી દેતું, આ વાક્ય વાંચું છું, ત્યારે મારી આંખોમાં આંસુ આવી જાય છે.

લાલાજીએ અવલોકન કર્યું હતું કે બાબુજી તેમની પત્ની સાથેના પવિત્ર અંગત સહવાસની ક્ષણો દરમિયાન પણ ક્યારેય તેમના હૃદયમાં રહેલા ગુરુને એક ક્ષણ

માટે પણ ભૂલ્યા નહોતાં. તેમના દુન્યવી જીવનના દરેક સંજોગોમાં તેમનું લાલાજી સાથેનું આંતરિક જોડાણ અતૂટ રહ્યું હતું.

આ સાચા અર્થમાં બ્રહ્મચર્ય જ છે – દુન્યવી જીવનનો અભાવ નહીં, પરંતુ તે દુન્યવી જીવનમાં પણ સતત સ્મરણની અચૂક હાજરી. જ્યારે બાબુજી શારીરિક રીતે દુન્યવી બાબતોમાં વ્યસ્ત રહેતા, ત્યારે પણ તેમનું ધ્યાન ‘પરમ તત્ત્વ’ પર જ કેન્દ્રિત રહેતું.

ક્યો પ્રેમ આવું સ્મરણ ટકાવી શકે ? કઈ ભક્તિ આવું સાતત્ય જાળવી શકે?

હવે હું તમને એક અદ્ભુત વાત કહીશ.

તા. 21મી માર્ચ, 1945ના રોજ ‘વ્હીસ્પર્સ ફ્રોમ ધ બ્રાઇટર વર્લ્ડ’ પુસ્તકમાં નોંધાયેલા એક આંતરસંવાદમાં, એક એવી વાતચીત છે, જે સુવર્ણ અક્ષરે અંકિત કરવી જોઈએ. આત્માઓમાંના સિંહ જેવા સ્વામી વિવેકાનંદે, લાલાજીના બાબુજી પ્રત્યેના પ્રેમ વિશે તેમાં વાત કરી છે અને પછી ભગવાન શ્રી કૃષ્ણએ બાબુજીના લાલાજી પ્રત્યેના પ્રેમ વિશે વાત કરી છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું, “આપણા પ્રભુ [લાલાજી]એ તમારા પ્રત્યેના પ્રેમ વિશે જે કંઈ કહ્યું, તે બિલકુલ સાચું જ છે. તેઓ તમારા પ્રત્યેના પ્રેમથી તડપી રહ્યા છે. મેં મારા સમગ્ર જીવનમાં આવું કયારેય જોયું નથી.” તે પછી તેમણે લાલાજીને અટકાવીને, બાબુજીને આ સંવાદની નોંધ ન કરવા માટે જણાવતા કહ્યું, “લોકો ઈશ્વર માટે પોતાનાં ઘર-બાર ત્યજી દેતાં હોય છે – જ્યારે તેમણે તો તમારા માટે પોતાનું ઘર છોડી દીધું. એક મુક્ત આત્મા પાસેથી આપણે જે મોટામાં મોટાં બલિદાનની અપેક્ષા રાખી શકીએ, તે આ છે.”

લાલાજી, કે જેઓ મુક્તિ પામી ચુકેલા ગુરુ હતા, તેમણે તેમના શિષ્ય બાબુજી માટે પોતાનાં દિવ્ય સ્થાન રૂપી ભંડારનો ત્યાગ કરી દીધો હતો. એક ગુરુ, શિષ્ય માટે નીચે ઉતર્યા, સ્વર્ગ પૃથ્વી તરફ ઝૂક્યું.

અને પછી ભગવાન શ્રી કૃષ્ણ જે બોલ્યા, તેમના તે શબ્દો લખતા લખતા મારા હાથ ધ્રુજી રહ્યા છે. સ્વામી વિવેકાનંદે જે કહ્યું, તે શબ્દશઃ સાચું છે અને એ લખવામાં મને કોઈ ખચકાટ નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું કે, "પ્રેમની બાબતમાં તમે રાધાજીથી પણ આગળ નીકળી ગયા છો. રાધાજીનો પ્રેમ હવે તમારા પછી બીજા ક્રમે છે."

શું તમને સમજાય છે કે આનો અર્થ શું છે? હજારો વર્ષોથી રાધાજીના ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેનાં પ્રેમને ભક્તિના સર્વોચ્ચ ઉદાહરણ તરીકે નવાજવામાં આવે છે. રાધાજીનું નામ જ દિવ્ય પ્રેમનો એક પર્યાય બની ગયું છે, આમ છતાં ભગવાન શ્રી કૃષ્ણ જાહેર કરે છે કે બાબુજીનો લાલાજી પ્રત્યેનો પ્રેમ, રાધાજીના પ્રેમ કરતાં પણ વધારે હતો.

જોકે આ વાત અહીં જ સમાપ્ત થતી નથી. ત્રણ દિવસ પછી, તે એવી પરાકાષ્ઠાએ પહોંચે છે, જેનું સમગ્ર સૃષ્ટિમાં કોઈ ઉદાહરણ નથી.

તા. 24મી માર્ચ, 1945ના શુભ દિવસે, લાલાજીએ બાબુજીને પરમાત્મા દ્વારા સીધી દીક્ષા અપાય, તેવી વ્યવસ્થા કરી. આ જોઈને ભગવાન શ્રી કૃષ્ણે જાહેર કર્યું, કે, "આ એક અત્યંત શુભ દિવસ છે કે જ્યારે તમારા પૂજ્ય ગુરુજીએ તમને પરમાત્મા દ્વારા સીધી દીક્ષા અપાવી છે. આને જ સાચી દીક્ષા કહી શકાય. સૃષ્ટિની શરૂઆત થઈ, ત્યાર પછી આ પ્રકારનું આ પહેલું ઉદાહરણ છે."

સ્વામી વિવેકાનંદે ઉમેર્યું, "પરમાત્મા પાસેથી તમને મળેલ સીધી દીક્ષાના આ સમાચાર સાંભળીને હું આનંદથી ગદગદિત થઇ ગયો છું. વિશ્વની શરૂઆત થઈ, ત્યાર પછીનું આ પહેલું ઉદાહરણ છે."

હવે, જરા થોભી જઈને તમે એ બાબતનો વિચાર કરો, જેનાથી મારું હૃદય વિસ્મયથી ધડકી રહ્યું છે.

આ પરમ ઘટનાક્રમ પછી, લાલાજીએ એક શાંતિપૂર્ણ નિવેદન આપ્યું, જે તેમની નિઃસ્વાર્થતાની ગહનતા દર્શાવે છે. તેમણે કહ્યું, "આ પ્રત્યક્ષ દીક્ષા, એ સમગ્રપણે મારી પદ્ધતિ જ છે. આ પહેલાં, તે ક્યારેય કોઈને પણ સમજાયું ન હતું કે ક્યારેય તે અમલમાં પણ મૂકાયું ન હતું."

શું તમે આનો અર્થ સમજો છો? લાલાજી આ પદ્ધતિ જાણતા હતા, કારણ કે તે તેમની પોતાની શોધ હતી. તેમના જીવનકાળ દરમિયાન, તેમણે પરમ અસ્તિત્વ દ્વારા સીધી દીક્ષાની શક્યતાની સમજ કેળવી હતી, જે તેમના પહેલાં કોઈ આત્માને ક્યારેય સમજાઈ ન હતી. તેઓ આ પદ્ધતિનો ઉપયોગ ખુદ પોતાના માટે કરી શક્યા હોત, પરંતુ તેમણે એવું ન કર્યું. પોતાનો શિષ્ય આવી ભેટ પ્રાપ્ત કરી શકે, આવી અવસ્થા પ્રાપ્ત કરી શકે, તેની રાહ જોતાં જોતાં, તેમણે આ પરમ રહસ્ય પોતાની અંદર જ સાચવી રાખ્યું હતું. જ્યારે બાબુજી તે ઉચ્ચતમ અવસ્થા પર પહોંચી ગયા, ત્યારે લાલાજીએ તેમના શિષ્ય માટે આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

પોતે પણ જે ક્યારેય પ્રાપ્ત કર્યું ન હતું, તે તેમણે પોતાના શિષ્યને અપાય, તેને પ્રાથમિકતા આપી. આવો પ્રેમ કોઈપણ તર્કની બહાર છે, કદાચ એક માતાપિતાના પોતાના બાળક માટેનાં બલિદાનથી પણ વધુ કે એક પ્રેમી તેમના પ્રિયતમને સર્વસ્વ



આ પરમ ઘટનાક્રમ પછી, લાલાજીએ એક શાંતિપૂર્ણ નિવેદન આપ્યું, જે તેમની નિઃસ્વાર્થતાની ગહનતા દર્શાવે છે. તેમણે કહ્યું, "આ પ્રત્યક્ષ દીક્ષા, એ સમગ્રપણે મારી પદ્ધતિ જ છે. આ પહેલાં, તે ક્યારેય કોઈને પણ સમજાયું ન હતું કે ક્યારેય તે અમલમાં પણ મૂકાયું ન હતું."

આપે, તેના કરતાં પણ વધુ છે. અહીં, એક ગુરુએ એક અતિ ઉચ્ચતમ આધ્યાત્મિક ભેટ શોધી કાઢી અને પોતે પૃષ્ઠભૂમિમાં રહેવાના સંતોષ સાથે, પોતે પણ જે ઊંચાઈઓ સર ન કરી હોય, એ ઊંચાઈઓ પર પોતાના શિષ્યની ઉન્નતિ જોવાનાં સંતોષ સાથે, તે ભેટ પોતાના શિષ્યને આપી.

અને, આ સર્વોચ્ચ ભેટ આપ્યા પછી લાલાજીએ પોતાના વિશે શું કહ્યું? તેમણે એક ફારસી પંક્તિ ટાંકી, જેનો અર્થ છે – "રાજા મહમૂદ ગઝનવી, જે હજારો ગુલામોના માલિક હતા, એ પણ એટલા વામણા થઇ ગયા કે તેમને ગુલામોના પણ ગુલામનો દરજ્જો આપવામાં આવ્યો." અને, તે પછી લાલાજીએ ફક્ત ઉમેર્યું, "આ મારી અવસ્થા છે."

ગુરુઓના પણ ગુરુ, એક એવી વિશેષ વિભૂતિ કે જેમણે એ શોધી કાઢ્યું કે જે સંપૂર્ણ રીતે લુપ્ત થઈ ચૂક્યું હતું અને જેમના મારફતે સમગ્ર માનવતામાં 'પ્રાણાહુતિ' વહી રહી છે, તેમણે પોતાને 'ગુલામનો ગુલામ' જણાવ્યા, કારણ કે તેમણે પોતાના શિષ્યને પોતાના કરતાં મોટું એવું કંઈક આપ્યું હતું.

અહીં આપણે એક ગુરુના ઉત્કૃષ્ટ પ્રેમનાં સાક્ષી બનીએ છીએ કે જેમણે, પોતાનો શિષ્ય એ પરમ ઉપલબ્ધિનો સ્વાદ પ્રથમ ચાખી શકે, તે માટે તેને પોતાની પાસે સાચવી રાખ્યું. તેમનું હૃદય એટલું વિશાળ હતું કે જ્યારે તેમણે સૃષ્ટિનું સૌથી મોટું રહસ્ય શોધી કાઢ્યું, ત્યારે તેમણે તે બીજાને ભેટ કર્યું. પરંતુ તેને બલિદાન કહેવું, એ સાચા ગુરુના હૃદય માટે ગેરસમજ કરવા જેવું હશે. આ ભેટ લાલાજી માટે અત્યંત આનંદના સ્ત્રોત સમાન હતી.

હકીકતમાં, એક ગુરુ માટે એ જાણકારી જ સૌથી મોટો આનંદ હોય છે કે તેમનો શિષ્ય તેમનાથી આગળ જઈ રહ્યો છે, પોતાનો પ્રિયજન ઉન્નતિ પામી રહ્યો છે, તથા તેને બધું જ આપી દેવું અને બદલામાં ફક્ત પરિપૂર્ણતાનો અનુભવ કરવો. એક માતા પોતાના બાળકને ખવડાવે, તેમાં કોઈ બલિદાન આપતી નથી હોતી, તથા એક

નદી જ્યારે સમુદ્રમાં ભળી જાય છે, ત્યારે પણ કોઈ બલિદાન નથી આપતી હોતી. લાલાજી માટે, બાબુજીને પરમાત્મા પાસેથી સીધી દીક્ષા મેળવનાર પ્રથમ માનવ બનાવવા, એ પૂર્ણતા-પ્રાપ્તિ પણ હતી અને એ પરમાનંદના સ્ત્રોત તરીકે પણ હતું.

આ જ સાચો પ્રેમ છે. આ જ ખરો માર્ગ છે. આપણે વસંત પંચમી પર આ બાબતની જ ઉજવણી કરીએ છીએ.



**હકીકતમાં, એક ગુરુ માટે એ જાણકારી જ સૌથી મોટો આનંદ હોય છે કે તેમનો શિષ્ય તેમનાથી આગળ જઈ રહ્યો છે, પોતાનો પ્રિયજન ઉન્નતિ પામી રહ્યો છે, તથા તેને બધું જ આપી દેવું અને બદલામાં ફક્ત પરિપૂર્ણતાનો અનુભવ કરવો.**

લાલાજીએ એક વખત વર્તમાન યુગ વિશે કહ્યું હતું કે, “આવો સમય હવે ઘણાં લાંબા સમય સુધી પાછો નહીં આવે. આ વિશેષ સમય માટે, આ કહેવત સચોટ રીતે લાગુ પડે છે – ‘મજનૂએ જંગલને પોતાનું ઘર બનાવ્યું હતું, પણ મેં તો મારા ઘરને જંગલમાં (જંગલની અનુભૂતિમાં) ફેરવી નાખ્યું.’ સુપ્રસિદ્ધ પ્રેમી મજનૂ પ્રેમમાં પાગલ થઈને માનવ-સમુદાયનો ત્યાગ કરી, જંગલમાં ભટકવા લાગ્યો હતો, જ્યારે તેનાથી વિપરીત, ગુરુવર પૂજ્ય લાલાજીએ પોતાના સ્વર્ગ સમાન ઘરને જ પોતાના શિષ્ય માટેની ઝંખના દ્વારા વેરાન રણમાં પરિવર્તિત કરી દીધું હતું.

ભગવાન શ્રી કૃષ્ણએ બાબુજીની પાત્રતાના સ્તરને ‘અનુત્તરા’ તરીકે વર્ણવી હતી, જે સર્વોચ્ચ સ્તર છે. તેમણે કહ્યું, “આવી પાત્રતા ભાગ્યેજ જોવા મળે છે અને તે ક્યારેક જ વર્ષો પછી, સદીઓ પછી કે સહસ્ત્રાબ્દીઓ પછી અચાનક જન્મ લે છે. આવી સુયોગ્ય વ્યક્તિ ઈશ્વરની આજ્ઞાથી જ જન્મ લે છે. તમે તેનું ઉદાહરણ છો.”

સન 1931માં જ્યારે લાલાજીએ પોતાનાં ભૌતિક દેહનો ત્યાગ કર્યો, ત્યારે બાબુજીએ લખ્યું હતું, ‘ખરેખર કહીએ તો, મારા ગુરુ મૃત્યુ પામ્યા નહોતા, પણ મને એવું

લાગ્યું હતું કે હું પોતે જ મૃત્યુ પામ્યો છું.’ તે પછી વર્ષો સુધી તેમની ડાયરી મોટે ભાગે મૌન રહી. લાલાજી હયાત હતા, ત્યારે આટલી બધી નોંધ કરનાર એ સક્ષમ પ્રતિભાવાન શિષ્ય સુષુપ્ત તબક્કામાં પ્રવેશ્યા; તે અંધકારમય કાળમાં પણ કંઈક અંકુરિત થવાનું હતું.

અને તે પછી, સન 1944માં, તેમનો સંદેશાવ્યવહાર ફરીથી પ્રસ્થાપિત થયો. શારીરિક મૃત્યુનાં કારણે જે સંબંધનો અંત આવ્યો હોય તેવું લાગતું હતું; તે સંબંધે માત્ર સ્વરૂપ જ બદલ્યું હતું. લાલાજી તેમને માર્ગદર્શન આપતા રહ્યા, પ્રાણાહુતિ આપતા રહ્યા અને પ્રેમ કરતા રહ્યા. પારસ્પરિક પ્રેમબંધન મૃત્યુને પણ પાર કરી ગયું, પ્રેમ શરીરની સીમાઓને પાર કરી ગયો અને પ્રાણાહુતિ ચાલુ રહી.

આ બધું હું તમને ‘વસંત પંચમી’નાં અવસરે કેમ કહી રહ્યો છું? એટલા માટે કે જેથી તમે સમજી શકો કે તમે કેવા મહાન માર્ગ પર છો.

જ્યારે તમે ધ્યાન માટે બેસો અને તમારા હૃદયમાં એક સૂક્ષ્મ ગતિ  અનુભવો, ત્યારે તમે પણ તે જ પ્રવાહને સ્પર્શી રહ્યા છો, જે લાલાજી અને બાબુજી વચ્ચે વહેતો હતો. જ્યારે તમને પ્રાણાહુતિ મળે છે, ત્યારે તમે માનવતા માટે પ્રાપ્ત થયેલી એ ભેટ પ્રાપ્ત કરી રહ્યા છો, જે અસંખ્ય પેઢીઓથી લુપ્તપ્રાય થઇ ગઈ હતી અને જ્યારે તમને એક એવી અકલ્પનીય ઝંખના અનુભવાય કે જેને તમે કોઈ નામ આપી ન શકો, ત્યારે તમે પણ પ્રેમનાં એ જ રણકારને અનુભવી રહ્યા હો છો, જે રાધાજીના પ્રેમને પણ વટાવી ગયો હતો.

આ આપણો વારસો છે, આપણો જન્મસિદ્ધ અધિકાર છે. તે આપણા માટે ઉપલબ્ધ છે, કારણ કે સન 1873ની વસંત પંચમીના રોજ એક બાળકનો જન્મ થયો હતો, જે આગળ જઈને ગુરુ બન્યો હતો, તથા એ કારણે કે એક શિષ્ય તે ગુરુને સૃષ્ટિની શરૂઆતથી જ અપ્રતિમ પ્રેમ કરતો હતો.

વસંતના ફૂલો ખીલે છે, વિશ્વ પોતાનું નવીકરણ કરે છે અને જે લોકો અભ્યાસ (સાધના) કરે છે, તેમના હૃદયમાં પણ, જેમ જેમ પ્રાણાહુતિ તેનું કાર્ય કરતી રહે છે, તેમ તેમ તે જ નવીકરણ, મૂકપણે દિવસે ને દિવસે આકાર લેતું જાય છે.

આ વસંત પંચમી પર, હું એ 'વિશેષ વિભૂતિ' પૂજ્ય શ્રી લાલાજી મહારાજના ચરણોમાં નમન કરું છું, જેમણે આ બધું શક્ય બનાવ્યું. તથા હું પૂજ્ય શ્રી બાબુજી મહારાજના ચરણોમાં પણ નમન કરું છું, જેમના પ્રેમે એક એવો દરવાજો ખોલ્યો, જે ક્યારેય બંધ થશે નહીં.

આપણે આ ભવ્ય વારસાનાં વારસદારો છીએ. કેવી ભવ્ય પરંપરા! આપણા હાથમાં કેવો ખજાનો મૂકવામાં આવ્યો છે! હવે એ આપણા પર છે કે – આ વારસાનું આપણે શું કરીશું?

ચાલો આપણે આ અવસરનો લાભ લઈએ. ચાલો આપણે આપણા આધ્યાત્મિક પિતૃઓને વધારે ખુશ, વધારે આનંદિત બનાવીએ. તેઓ 'દિવ્ય લોક'માંથી નીચે જુએ અને આપણામાં એકતા જુએ, આપણને એકબીજાને પ્રેમ અને આદર આપતા જુએ અને આપણને એ જીવન જીવતાં જુએ કે જેના માટે તેઓ જીવતા હતા અને એ બધું જોઈ, આનંદથી ઝૂમી ઊઠે.



ચાલો આપણે આ અવસરનો લાભ લઈએ. ચાલો આપણે આપણા આધ્યાત્મિક પિતૃઓને વધારે ખુશ, વધારે આનંદિત બનાવીએ. તેઓ 'દિવ્ય લોક'માંથી નીચે જુએ અને આપણામાં એકતા જુએ, આપણને એકબીજાને પ્રેમ અને આદર આપતા જુએ અને આપણને એ જીવન જીવતાં જુએ કે જેના માટે તેઓ જીવતા હતા અને એ બધું જોઈ, આનંદથી ઝૂમી ઊઠે.

આ પરંપરાગત વારસાને સાચવવા અને તેને સમૃદ્ધ બનાવવા માટે એ જરૂરી છે કે આપણે આપણું વર્તન તેમના ધોરણો અનુસાર કરીએ, વિચારીને કાર્ય કરીએ. ઈશ્વરને પ્રાર્થના કે એ દરેક પરિવારોમાં સુમેળ રહે, જેમને આ માર્ગે સ્પર્શ કર્યો હોય; જે કેન્દ્રો પર જિજ્ઞાસુઓ એકઠા થતાં હોય, તે બધા જ કેન્દ્રોમાં સુમેળ રહે; વિવિધ આધ્યાત્મિક સમુદાયોમાં ક્યારેક નાના-નાના વિભાજનો થઈ જતાં હોય છે, તે આ વસંતનાં સૂર્યની હૂંફમાં ઓગળી જાય તથા ઈશ્વરને પ્રાર્થના કે આપણે યાદ રાખીએ કે આપણે બધા એક જ પરંપરાના બાળકો છીએ, આપણે બધા એક જ પ્રાણાહુતિ પ્રાપ્ત કરીએ છીએ અને બધા એક જ મંજિલ તરફ આગળ વધી રહ્યાં છીએ.

જો લાલાજી પોતાના શિષ્યને ઉન્નત થતો જોવાના આનંદ માટે પોતાની સૌથી મોટી શોધને ન્યોચ્છાવર કરી શકતા હોય અને જો બાબુજી એવો પ્રેમ કરી શકતા હોય કે જે રાધાજીનાં પ્રેમને પણ પાર કરી જાય, તો આપણે પણ ચોક્કસપણે આપણી આસપાસ રહેલા, આપણા ભાઈ-બહેનો તરફ મિત્રતાનો હાથ લંબાવી શકીએ, આપણી નાની-નાની ફરિયાદોને જતી કરી શકીએ અને આપણામાં જે રેડવામાં આવ્યું છે, તેના સમાવેશ માટેના સુયોગ્ય પાત્ર બની શકીએ.

તો, ઈશ્વરને પ્રાર્થના કે ગુરુજીઓનો પ્રેમ તમારા હૃદયને સ્પર્શે; પ્રાણાહુતિ તમારા અસ્તિત્વનું પરિવર્નત કરે અને તમે તમારી પોતાની રીતે, તેમના વારસાનો એક જીવંત પુરાવો બનો.

પ્રેમ અને પ્રાર્થનાઓ સાથે,
**કમલેશ**

વસંત પંચમી, તા.23મી જાન્યુઆરી, 2026



## દાજી સાથે માસ્ટર ક્લાસ

તમે કોઈપણ સમયે હાર્ટફુલનેસ ધ્યાન શરૂ કરી શકો છો! તે માટે તમે માસ્ટરક્લાસની ત્રણ ભાગની શ્રેણી દ્વારા દાજી સાથે જોડાઓ, જેમાં તેઓ હાર્ટફુલનેસ પદ્ધતિના ફાયદાઓ વિષે જણાવે છે અને તમે હાર્ટફુલનેસ રિલેક્સેશન,ધ્યાન, સફાઈ અને પ્રાર્થનાને તમારી દિનચર્યામાં કેવી રીતે સમાવી શકો, તે સમજાવે છે. આ માસ્ટર ક્લાસ માટે કોઈ ફી લેવામાં આવતી નથી, તે નિશુલ્ક છે.

https://heartfulness.org/global/masterclass/

## હાર્ટફુલનેસ ધ્યાન પદ્ધતિનો અભ્યાસ

હાર્ટફુલનેસ પદ્ધતિ વિષે જાણકારી મેળવો – રિલેક્ષ થતાં શીખો, ધ્યાન, સફાઈ અને પ્રાર્થના કરતાં શીખો.

https://heartfulness.org/in-en/heartfulness-practices/

heartfulness
purity weaves destiny

